ગાંધીનગર એસ.ટી. બસ ડેપોમાં વાહન પાર્કિંગની સુવિધા છતાં, નો પાર્કિંગની જગ્યાએ વાહનો આડેધડ પાર્ક થાય છે. પોલીસ દ્વારા દંડની સુચના લખાણ સ્વરૂપે હોવા છતાં, કોઈ જ ફરક પડતો નથી. આ બાબતે એસ.ટી. તંત્રે ઉદાસીનતા દાખવી રહ્યું છે. (ફોટો : કશ્યપ નિમાવત)

બેવડી ઋતુ થતા વાઈરલના કેસોમાં નોંધપાત્ર નોંધપાત્ર વધારો

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં હાલ ધીમે ધીમે ઠંડીનો પારો ઘટતો જાયછે અને ગરમીનો પારો વધવા લાગ્યો અને બે-ત્રણ દિવસના ગાળામાં જ મહત્તમ પારો ૧૩-૧૪ થી સીધો ૩૩-૩૪ સુધી પહોંચી જતા લોકોને ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. સવારે ઠંડી અને બપોરે ગરમીનું બન્ને ઋતુ મીક્ષ થતા વાઈરલ ઈન્ફેક્શનના કેસોમાં એકાએક નોંધપાત્ર વધારો થયો છે. જેથી સરકારી અને ખાનગી દવાખાનામાં દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી અનુસાર શિયાળો વિદાય લઈ રહ્યો છે અને વસંતનું આગમન થતા હવે ધીમે ધીમે લોકોને ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. એકાદ અઠવાડીયા પહેલા મહત્તમ તાપમાનનો પારો ૧૩-૧૪ સુધી રહેતો હતો અને આજે એકાએક ગરમીનો પારો ૩૩.૪ સુધી પહોંચતા જ ધીમે ધીમે ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે.

આમ સવારે ઠંડી અને બપોરે ગરમી બન્ને ઋતુઓ ભેગી થતા લોકોના આરોગ્ય પર જેની વિપરીત અસરો થઈ રહી છે. પરિણામે લોકોને શરદી, ખાંસી, માથાનો દુઃખાવો, તાવ, ગળામાં બળતરા, તાવ સહિત વાઈરલ ઈન્ફેક્શન જેવા બનાવોમાં નોંધનીય વધારો થયો છે. આ બિમારીના કારણે હાલ જિલ્લાની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે દર્દીઓની મોટી મોટી લાઈનો જોવા મળી રહી છે. ખાનગી ડૉક્ટરો પણ આ તકનો લાભ લઈ ઉંચી ફી વસૂલે છે. બીજી તરફ આ બધી સમસ્યા વચ્ચે આરોગ્ય તંત્રએ સફાળે તાયેરીઓ કરી દીધી છે. પરંતુ જેમ જેમ ગરમીનો પારો આગામી સમયમાં ઉંચો જશે તેમ તેમ દર્દીઓનો પણ વધારો થવાની શક્યતા છે.

સેકટર-૧ ઉમાં નવરાત્રી ચોકમાં આજે રાત્રે સંતવાણી કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૧ ઉસી વસાહત મંડળ ગાંધીનગર દ્વારા તા.૨૧મી ફેબ્રુઆરીથી તા. ૧ લી માર્ચ સુધી બપોરે આચાર્ય સીતારામ બાપુ દ્વારા રામ પારાયણનું આયોજન કરેલ છે. તા. ૨૩મી ફેબ્રુઆરીને રાત્રે સંતવાણીનું આયોજન નવરાત્રી ચોકમાં કરેલ છે. પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ જણાવેલ છે.

નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

સિનિયર સીટીઝન્સ કાઉન્સિલ અને સહયોગ મંડળ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજવામાં આવેલ છે. જેમાં નામાંકિત તબીબો હાજર રહી લાભ આપશે. તા. ૨૪મી રવિવારે સવારે નવ વાગે સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૪માં યોજાશે.

બે બાઈક સામ સામે ટકરાતા કોલવડાનાં યુવાનનું મૃત્યુ

કોલવડા-આદરજ માર્ગ પર સવારે બનેલી ઘટના : આરોપી બાઈક્ચાલક પણ હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામેથી સંતાન સાથે દંપતી બાઈક પર આદરજ ગામ તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તામાં સામેથી આવી રહેલા બાઈક સાથે તેમનું બાઈક ધડાકાભેર અથડાતા બાઈકચાલક યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર અર્થે લઈ જવાયેલા કોલવડાના યુવાનનું સારવાર દરમ્યાન હોસ્પિટલમાં કરૂણ મોત નિપજ્યું હતું. પેથાપુર પોલીસે બાઈક કબ્જે લઈને તેના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે. ઉલ્લેખનીય છે કે સામેથી અથડાયેલા બાઈક પર સવાર યુવાન પણ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

કોલવડા ગામમાં રહેતા ૨૮ વર્ષીય યુવાન ચહેરાજી જીવણજી ઠાકોર આજે સવારના સુમારે તેમના પત્નિ અને સંતાનને બાઈક પર બેસાડીને કોલવડાથી આદરજ ગામ તરફ જઈ રહ્યા હતા. દરમ્યાન સામેથી પુરપાટ ઝડપે આવી રહેલા બાઈક નં. જીજે-૧૮-એ.પી.-૪૨૫૮ સાથે તેમનું બાઈક અથડાતા બન્ને બાઈક ફંગોળાઈને રસ્તાની બહાર ફેંકાઈ ગયા હતા. આ અકસ્માતમાં બન્ને બાઈકના ચાલક તથા બાઈક પાછળ બેસેલા વ્યક્તિઓને ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં કોલવડાના ચહેરાજી ઠાકોરનું સારવાર દરમ્યાન કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. તો બીજી તરફ સામેથી આવેલા બાઈકના ચાલકને પણ હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યો છે. પેથાપુર પોલીસને આ બનાવ અંગે જાણ થતા કોલવડાના જયંતીજી શીવાજી ઠાકોરની ફરીયાદને આધારે સામેથી ટક્કર મારનાર બાઈકના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી તપાસનો દોર શરૂ કર્યો છે.

બે દિવસથી આઈ.સી.યુ.માં દાખલ એ.એસ.આઈ.નું મોત

પોલીસ સ્ટેશન સામે જ દવા પી લીધી હતી

ગાંધીનગર, તા. ૨૨

દહેગામ પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા અર્જૂનસિંહ રાઠોડે બે દિવસ પહેલા સમી સાંજે જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીથી ઘરે જતી વખતે રસ્તામાં ચિલોડા સર્કલ પોલીસ સ્ટેશન સામે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી હતી. સારવાર માટે લઈ જવાયેલા એ.એસ.આઈ.ની હાલત ગંભીર જણાતા અર્ધબેભાન હાલતમાં અમદાવાદ સિવિલમાં આઈ.સી.યુ.માં દાખલ કરાયા હતા. જેનું આજે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. ચિલોડા પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા દહેગામ પોલીસ મથકના એ.એસ.આઈ. અર્જૂનસિંહ રાઠોડ ઝેરી દવા પી જવાના કારણે બે દિવસથી આઈ.સી.યુ.માં હતા અને દરમિયાન આજે તેમનું મોત થતા પોલીસ તેમનું નિવેદન લઈ શકી નથી. પરંતુ એ.એસ.આઈ.ના પુત્રની ફરિયાદમાં અગાઉ તેના પિતા પર થયેલ પ્રોહીબિશનના કેસનો નિકાલ ન થયો હતો. અને રીટાયર્ડમેન્ટનું ટેન્શન હતુ જેથી આ પગલુ ભર્યુ હોવાનું તપાસ અધિકારી ચિલોડા પોલીસમથકના પી.આઈ. બી.સી. ઠક્કરે પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતું.

હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ માટે પણ હવે એપોઈન્ટમેન્ટ અપાશે

વાહનચાલકોને ધક્કા ખાવા પડશે નહી : નિયત તારીખ અને સમયે બોલાવાશે

ગાંધીનગર, તા. ૨૨

આર.ટી.ઓ. દ્વારા વાહનમાં હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ ફરજીયાત કરી દેવાયા બાદ અરજદારોએ ભારોભાર હાલાકી વેઠવી પડતી હોવાથી પ્રબળ આક્રોશની લાગણી પ્રવર્તી હતી. હાઈસિક્યોરીટી નંબર પ્લેટ માટે ધક્કા ખાવા પડતા અરજદારોને હાલાકી નિવારવા આર.ટી.ઓ. તંત્ર દ્વારા આ મામલે એપોઈમેન્ટ પદ્ધતિ પણ અમલી બનાવી દેવાઈ છે. જેના આધારે નિયત તારીખ અને સમયે વાહનમાલિકને નંબર પ્લેટ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે.

ગાંધીનગરમાં આર.ટી.ઓ. કચેરીના નવનિર્મિત બિલ્ડીંગમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. રાજ્યની મોડેલ આર.ટી.ઓ. કચેરીમાં પેપરલેસ અને પારદર્શક વહીવટના અભિગમ સાથે મોટાભાગની કામગીરી કોમ્પ્યુટરાઈઝસ કરી દેવાઈ છે. જ્યારે લાયસન્સ માટે નવીન ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પણ તૈયાર કરી દેવાયો છે. બીજીતરફ આર.ટી.ઓ. દ્વારા વાહનોમાં હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ લગાવવાનું પણ ફરજિયાત કરી દેવાતા પ્રાથમિક તબક્કે વાહનમાલિકોએ નંબર પ્લેટ મેળવવા ધક્કા ખાવાનો વારો આવતો હતો જ્યારે લાંબા સમયના અંતે પણ નંબર પ્લેટ તૈયાર ન થતા અગાઉ અરજદારોએ આર.ટી.ઓ. કચેરીમાં હુરીયો બોલાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો. નંબર પ્લેટના અભાવે માર્ગ પર જતા વાહનચાલકો ટ્રાફિક નિયમનના દંડનો ભોગ બનતા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં હાઈસિક્યોરીટી નંબર પ્લેટ મેળવવા માટે અરજદારોએ ધક્કા ન ખાવા પડે તે માટે આર.ટી.ઓ. કચેરી દ્વારા એપોઈન્ટમેન્ટ સિસ્ટમ શરૂ કરી દેવાઈ છે. જેથી હવે વાહનચાલકોને નંબર પ્લેટ માટે તારીખ અને સમય આપી દેવાશે.

સેક્ટર-૨માં પરિણિતાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

સ્યુસાઈડ નોટ લખીને હુક સાથે નાયલોન દોરી બાંધી લટકી ગઈ : લગ્નને દસ વર્ષ થયા હોવા છતાં સંતાન પ્રાપ્ત ન થતાં અંતિમ પગલુ ભર્યું હોવાની શક્યતા

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેક્ટર-૨માં રહેતી ૩૦ વર્ષીય પરિણિતાએ ગઈકાલે સાંજના ૭ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે છતના હૂક સાથે નાયલોન દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાસ્થળેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં પતિ કે સાસરીયા કોઈનો હાથ આપઘાત પાછળ ન હોવાનો ઉલ્લેખ છે. પ્રાથમિક તપાસમાં પરિણિતાએ લગ્નને દસ વર્ષ બાદ પણ સંતાન ન થતા નાસીપાસ થઈ અંતિમ પગલુ ભર્યુ હોવાનું આ શંકા પોલીસે વ્યક્ત કરી છે. સેક્ટર-૭ પોલીસ મથકના પી.એસ.આઈ. એ.કે. ભરવાડે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેક્ટર-૨-બી પ્લોટ નં. ૧૪૬૦/૧ ખાતે રહેતા વિરેન્દ્રસિંહ અગરસિંહ ગોહિલના પત્ની ઉષાબા (ઉં.વ.૩૦) એ ગઈકાલે સાંજના ૭ વાગ્યા પહેલાના કોઈપણ સમયે પોતાના ઘરે રૂમમાં આવેલ છતના હૂક સાથે નાઈલોનની દોરીથી ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું. ઘટનાથી સેક્ટરમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાસ્થળેથી સ્યુસાઈડ નોટ મળી હતી જેમાં લખ્યું હતું કે હુ મારી સ્વેચ્છાએ આ પગલુ ભર્યું છે. મારા સાસુ સસરા ભગવાનના માણસ છે. અને પતિ ખુબ સારા છે. મારા મૃત્યુથી તેમને કોઈ પણ જાતની હેરાનગતિ થવી ન જોઈએ. જો કે પરિણીતાના લગ્નને દસ વર્ષ થયા હોવા છતાં સંતાન પ્રાપ્ત ન થતાં નાસીપાસ થઈ અંતિમ પગલુ ભર્યુ હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે. ઘટનાની જાણ થતા પી.એસ.આઈ. એ.કે. ભરવાડ ઘટના સ્થળે પહોંચી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. અને અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધોળાકુવામાંથી રૂ. ૧.૧૫ લાખના મુદ્દામાલ સાથે બુટલેગર ઝડપાયો

મુખ્ય સૂત્રધાર ફરાર : હોળીમાં વેચવા માટે ૯૦ હજારનો દારૂ-બિયરનો જથ્થો લવાયો હતો : ઘરફોડ અટકાવવાનો એક્શન પ્લાન બનાવવા મળેલી બેઠક દરમ્યાન બાતમી મળી હતી

ગાંધીનગર, તા. ૨૨

પાટનગરમાં વધી ગયેલી ઘરફોડ ચોરીઓને નિયંત્રીત કરવા માટેનો એક્શન પ્લાન બનાવવા માટે ગાંધીનગર ડીવાયએસપીની કચેરી ખાતે એલસીબી તથા સે. ૭ પી.આઈ. ભેગા થયા તે દરમ્યાન દારૂની બાતમી મળતા ત્રણેય ટીમ એક સાથે રેડ માટે પહોંચી ગઈ હતી અને ધોળાકૂવા ગામમાં દરોડો પાડીને ૯૦ હજારનો દારૂ-બિયરનો જથ્થો મળી રૂ. ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એક બુટલેગરની ધરપકડ કરી લીધી છે. જેમાં તેનો મુખ્ય સૂત્રધાર વોન્ટેડ છે. સે. ૭ પોલીસે ગુનો નોંધીને આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ઘરફોડ ચોરીઓને અટકાવવા માટે ગઈકાલે બપોરના સુમારે ગાંધીનગર ડીવાયએસપીની કચેરીએ એલસીબી પી.આઈ. અને સે. ૭ સિનિ. પી.આઈ. તથા ડીવાયએસપી કોમલબેન વ્યાસ સહિતના અધિકારીઓએ બેઠક યોજીને એક્શન પ્લાન તૈયાર કરી રહ્યા હતા. તે દરમ્યાન સે. ૭ પી.આઈ. એ.એમ. પરમારને બાતમી મળી હતી કે ધોળાકૂવા ગામમાં વિદેશી દારૂ અને બિયરના જથ્થાનો સ્ટોક કરી દેવામાં આવ્યો છે અને હોળી-ધુળેટીના તહેવારમાં વેચવા માટે આ જથ્થો લવાયો છે. જેને આધારે સે. ૭ પી.આઈ., એલ.સી.બી. પી.આઈ. તથા ડીવાયએસપીની ટીમ બાતમીના સ્થળે ધોળાકૂવા ગામમાં પહોંચી ગઈ હતી અને દરોડો પાડી કિરણ શંભુ ડાભીની દારૂ-બિયરના રૂ. ૯૦ હજારના જથ્થા સાથે ધરપકડ કરી લીધી હતી. રૂ. ૨૫ હજારની કિંમતનું એક્ટીવા તથા મોબાઈલ મળીને રૂ. ૧,૧૫,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સે. ૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ દારૂનો જથ્થો હોળી ધુળેટીના તહેવાર માટે વેચવા લવાયો હોવાનું આરોપી જણાવી રહ્યો છે. તેનો મુખ્ય સુત્રધાર મુકેશ ગણેશજી ઠાકોર હજુ વોન્ટેડ છે. તેની શોધખોળ પોલીસે શરૂ કરી છે.

આજે સૌરાષ્ટ્ર ગૂર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૨

સૌરાષ્ટ્ર ગૂર્જર સુતાર જ્ઞાતિ, ગાંધીનગરના ઉપક્રમે આજે તા.૨ ઉમી ફેબ્રુઆરી ૨૦૧૩ ને સવારે ૮.૩૦ કલાકે સેકટર-૮ના રંગમંચ ખાતે વિશ્વકર્મા જયંતિ ઉજવાશે. આ પ્રસંગે પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસ આશીર્વચન પાઠવશે. અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા ખાસ ઉપસ્થિત રહેશે.

વિશ્વકર્મા જયંતિ ઉજવણી અંતર્ગત વિશ્વકર્મા પ્રભુજીની પૂજા વિધિ આરતી કરવામાં આવશે તથા પરિવાર પરિચય ગ્રંથનું વિમોચન કરવામાં આવશે અને ઉચ્ચ શિક્ષણાર્થી યુવાનોનું સન્માન પણ યોજાશે. કાર્યક્રમનો સૌ જ્ઞાતિ બંધુઓ તથા સ્નેહી સ્વજનો લાભ લઈ શકશે.

સંત રોહિદાસજીની જન્મ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૨

સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરના ઉપક્રમે સંત શિરોમણી રોહિદાસની ૬૩૭મી જન્મ જયંતિ તા. ૨૫મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ ઉજવાશે.

રોહિદાસજીની જન્મ જયંતિના ઉપક્રમે ગાંધીનગરના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા પૂર્વ મુખ્યમંત્રી અને સમારંભના ઉદ્‌ઘાટક તરીકે ગઢડા ધારાસભ્ય આત્મારામ પરમાર તેમજ સંતો મહંતો અને સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે રાત્રે લોક ડાયરાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે એમ સંસ્થાના પ્રમુખ અનિલ પરમાર અને મંત્રી જીવણભાઈ પરમારે જણાવ્યું છે.

ગાંધીનગરમાં રવિવારે બ્રહ્માકુમારી દ્વારા શાંતિ એક્સપ્રેસ ચેતના જગાડશે

ગાંધીનગર, તા. ૨૨

બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા ગાંધીનગરમાં અને જિલ્લામાં શાંતિ એક્સપ્રેસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શહેરના માર્ગો ઉપર 'શાંતિ એક્સપ્રેસ' પરિભ્રમણ કરી રહી છે. જેનો મોટી સંખ્યામાં લાભ લોકો લઈ રહ્યાં છે. છતાં તા. ૨૪મી ફેબ્રુઆરીએ આખો દિવલ ગાંધીનગરમાં શાંતિ એક્સપ્રેસ ઘુમશે. ગાંધીનગરના કમિશ્નર લલિતભાઈ પાડલીયા શાંતિયાત્રાને પ્રસ્થાન કરાવશે. જેનો વિગતવાર રૂટ આ પ્રમાણે રહેશે.

સવારે નવ કલાકે સેક્ટર-૨૮, બ્રહ્માકુમારી વિદ્યાલયથી શાંતિયાત્રાનું પ્રસ્થાન થશે. સાડા નવ વાગે સેક્ટર-૨૭, એસ.આર.પી. ગાર્ડન રંગમંચ, ૧૦ વાગે સેક્ટર-૨૬, કિસાનનગર, જયપ્રકાશ સ્કૂલ, સાડા દશે માતંગી સ્કૂલ, સેક્ટર-૨૪, આદર્શનગર, પીળો પટ્ટો, ચંદ્ર સ્ટુડિયો, સવા અગિયારે સ્વામીનારાયણ મંદિર, શોપીંગ, કડી કેમ્પસ, પોણા બારે આયુર્વેદ હોસ્પિટલ, સરકારી પ્રાથમિક શાળા, ગુરૂકુળ રોડ, સતકર્મ ટ્રસ્ટ થઈ હનુમાન મંદિર, પોણા બે વાગે પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, બાલાજી મંદિર સવા બે વાગે, મહાત્મા મંદિર. અઢી વાગે લીંબર માતાજીનું મંદિર, ત્રણ વાગે સેક્ટર-૫, રીંગ રોડ, સાડા ત્રણે ઓમકારેશ્વર મંદિર સેક્ટર-૪, ચાર વાગે સેક્ટર-૩ સાંઈબાબા મંદિર, સાડા ચારે સેક્ટર-૨ રીંગ રોડ, સ્વામીનારાયણ મંદિર, પોણા પાંચ વાગે સેક્ટર-૮ શોપીંગ, સાડા પાંચે કુવારા ચ-૫, સેક્ટર-૨૧ હવેલી, શાક માર્કેટ, સાંજે છ વાગે સેક્ટર-૩૦ સર્કલ, ગુરૂદ્વારા, જાગૃતિ પાર્ક, સાડા છ વાગે સેક્ટર-૨૯ જલારામ મંદિર, સાંજે સાત વાગે સેક્ટર-૨૮ બ્રહ્માકુમારી વિદ્યાલય.

શાંતિ એક્સપ્રેસ દ્વારા સકારાત્મક ચિંતન શિબિરનું આયોજન કરેલ છે. જે વિના મૂલ્યે છે. બી.કે. કૈલાસએ જણાવેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨

સૂર્યાસ્ત : ૬.૩૨

તાપમાન

મહત્તમ : ૩૩.૪ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૯.૦૦, ૧.૪૫, ૬.૪૫, ૮.૪૫, ૧૦.૪૫

એબીસીડીઃ એની બૉડી કૅન ડાન્સ (ડી) : ૧૧.૦૦, ૩.૪૫

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૯.૪૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૦૦, ૧૦.૧૫

કાઈ પો છે : ૬.૪૫

સૂર્યા, વાવોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હા હું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

ચિરાગ, કલોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- વિશ્વકર્મા પંચાલ સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

ટાઉન હોલ

- સેન્ટ ઝેવિયર્સ દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- હુંગરી ગરાસીયા સમાજ દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.

ધાર્મિક

- વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા વિશ્વકર્મા મંદિર સેક્ટર-૧૨ ખાતે વિશ્વકર્મા જયંતિ નિમિતે નવનો પાટોત્સવ યોજાશે.

આપની આજ

મેષ : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

વૃષભ : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

કર્ક : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

સિંહ : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

કન્યા : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

તુલા : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

વૃશ્ચિક : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મકર : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

મીન : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

ચિરવિદાય

- સ્વ. જનકભાઈ જશુભાઈ પટેલ (ઉ.વ. ૪૫) પ્લોટ નં. ૨૪, નારાયણનગર, ગોકુળપુરા, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સાંકુબેન શંકરભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૯૨) મુ.પો. પોર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અંજના જૈન (ઉ.વ. ૫૯) એ-૪૦૩, સ્વાગત રેઈન, ફોરેસ્ટ-૧, મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. આનંદીબેન શિવશંકર ત્રિવેદી (ઉ.વ. ૯૦) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઉષાબા વિરેન્દ્રસિંહ ગોહિલ (ઉ.વ. ૩૦) પ્લોટ નં. ૧૪૬૦/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. ચંચળબેન સદાભાઈ પરમાર (ઉ.વ. ૮૬) મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જગદીશભાઈ છગનદાસ પ્રજાપતિ (ઉ.વ. ૫૫) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.